# વસો કેમ્પસ ખાતે વિદ્યાર્થી સંર્વાગીણ વિકાસ અર્થે
# "સજીવ ખેતી, મુલ્ય વર્ધન અને માર્કેટીંગ" વિષય ઉપર સંવાદ યોજાયો

કૃષિ મહાવિદ્યાલય – વ- કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ. વસો ખાતે વિદ્યાર્થી સંઘ દ્વારા તારીખ ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ વિદ્યાર્થીઓને કૃષિ ક્ષેત્રેની ઉજ્જવળ તકોની પ્રત્યક્ષ માહિતી મળી રહે તે હેતુથી "**સજીવ ખેતી, મુલ્ય વર્ધન અને માર્કેટીંગ**" વિષય ઉપર સંવાદનું આયોજન કરવામાં આવેલ હતું. સદર કાર્યક્રમમાં કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલીટેકનીકના તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફ ગણે ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સત્વ ઓર્ગેનીકના ફાઉન્ડર શ્રી દેવેશભાઇ પટેલ, પ્રગતીશીલ ખેડૂત અને ઉધોગ સાહસીક (ગામ: બોરીયાવી) દ્વારા પોતાના વિચારો રજુ કરવામા આવ્યા હતા.જેમાં વિદ્યાર્થીઓને સજીવ ખેતી અને તેની પધ્ધતીઓ, હળદર અને આદુ પાકમાં મૂલ્ય વર્ધન અને કૃષિ ક્ષેત્રે ઉધોગોમાં રહેલી વિપુલ તકો પર માર્ગદર્શન આપ્યુ હતુ. વધુમાં વિદ્યાર્થીઓએ ખુબ ઉત્સાહ ભેર પ્રશ્નોતરીમાં ભાગ લીધો હતો. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડૉ.વી.પી.રામાણીએ પ્રાસંગોચિત ઉદબોધન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. પી. એસ. પંચાલ દ્વારા તથા આભાર વિધિ ડૉ. બી. એ. જેઠવા દ્વારા કરવામાં આવી હતી.

**કાર્યક્રમની ઝાંખી:**




